ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૭ જુલાઈ ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## દાતાઓની દીલેરી અને કુશળ નેતૃત્વ માટે જાણીતું ગામ

# દાવોલ

# દાવોલ ગામ સુવિધાઓ, સામાજિક એકતા અને સ્વાવલંબનનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે

દાવોલ ગામ તાલુકા મથક બોરસદથી આશરે ૪ કિલોમીટર અને જિલ્લા મથક આણંદથી લગભગ ૨૨ કિલોમીટરના અંતરે આવેલું પ્રગતિશીલ ગામ છે. ૧૦ હજાર ઉપરાંતની વસ્તી ધરાવતું આ ગામ આજે ગ્રામ વિકાસ, સામાજિક એકતા અને સ્વચ્છતા જેવા ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. દાવોલ આજે વિકાસના માર્ગે સતત આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયતના આયોજનબદ્ધ પ્રયાસો અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણથી ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકપ્રતિનિધિઓની જાગૃતતાના પરિણામે છેલ્લા બે અઢી દાયકામાં ગામમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે.

ગામના વિવિધ વિસ્તારોમાં આર.સી.સી. રોડ, પગદંડી રસ્તાઓ, ખુલ્લા ચોગાનમાં બ્લોક પેવિંગ સહિતના વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. પીવાના શુદ્ધ પાણી માટે વોટર વર્ક્સની સુવિધા કાર્યરત છે અને વીજળીની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામના લોકો સ્વચ્છતા પ્રત્યે અત્યંત જાગૃત હોવાથી સમગ્ર ગામમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ જોવા મળે છે.

દાવોલ ગામની ભાગોળે આવેલું વિશાળ તળાવ ગામની કુદરતી સુંદરતામાં વધારો કરે છે. તળાવની આસપાસ આવેલા વૃક્ષોની શીતળ છાયામાં ગ્રામજનો સાંજના સમયે હળવાશની પળો માણવા માટે એકત્ર થાય છે. ગામમાં વેપાર ધંધા માટે બજાર પણ કાર્યરત છે, જ્યાં દૈનિક જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ બને છે. ગામમાં રાઠોડ, ગોહેલ, પરમાર, પટેલ, પ્રજાપતિ, બ્રાહ્મણ, વાળંદ, દેવીપૂજક, વણકર, રોહિત સહિત વિવિધ સમાજના લોકો પરસ્પર ભાઈચારા અને સૌહાર્દ સાથે વસવાટ કરે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હોવાથી ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લઈ પોતાની આવકમાં વધારો કરી રહ્યા છે. ખેતીની સાથે પશુપાલન પણ ગામની અર્થવ્યવસ્થાનો મહત્વપૂર્ણ આધારસ્તંભ બન્યો છે. ગામની મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે વિવિધ સખી મંડળો અને સ્વ-સહાય જૂથો કાર્યરત છે. મહિલાઓ પોતાના શ્રમથી બચત કરી સ્વરોજગાર અને નાના-મોટા વ્યવસાય સાથે જોડાઈ આત્મનિર્ભર બની રહી છે. આ જૂથો મહિલાઓને આર્થિક સહાય, બચત અને વિકાસની નવી તકો પૂરી પાડી રહ્યા છે. ગામમાં હોળી, જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, બેસતું વર્ષ સહિતના તમામ ધાર્મિક અને સામાજિક તહેવારો સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સામૂહિક રીતે ઉજવવામાં આવે છે. ભાઈચારો, પરસ્પર સહકાર અને સામાજિક એકતા દાવોલ ગામની સૌથી મોટી વિશેષતા છે, જેના કારણે ગામમાં શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણ સતત જળવાઈ રહ્યું છે. ગામમાં સસ્તા અનાજની દુકાન પણ કાર્યરત છે, જેના માધ્યમથી ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સરકાર દ્વારા સબસિડીયુક્ત અનાજનો લાભ મળી રહે છે. વિવિધ સરકારી અને સામાજિક સંસ્થાઓના સહયોગથી ગામના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મોટી જનસંખ્યા ધરાવતું દાવોલ ગામ આજે વિકાસ, સ્વચ્છતા, સામાજિક સમરસતા અને આત્મનિર્ભરતાના મૂલ્યોને સાકાર કરતું પ્રેરણાદાયી ગામ તરીકે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે.

**ભાઈચારો, પરસ્પર સહકાર અને સામાજિક એકતાના કારણે ગામમાં શાંતિપૂર્ણ અને આનંદમયવાતાવરણસતત જળવાઈ રહ્યું છે**




# દાતાઓની ઉદારતા ગામ વિકાસનો મજબૂત આધારસ્તંભ




દાવોલ ગામ દાતાઓની અદભૂત સખાવત માટે ખૂબ જાણીતું છે. ગામના સર્વાંગી વિકાસમાં દાતાઓએ જે ઉમદા યોગદાન આપ્યું છે, તે ખરેખર પ્રેરણાદાયી છે. ગામમાં શૈક્ષણિક સંસ્થાઓ, પ્રવેશ દ્વાર, દેવમંદિરો અને સમાજવાડી જેવા , મહત્વપૂર્ણ બાંધકામો દાતાઓના સહકારથી ઊભા થયા છે, જે આજે દાવોલ ગામની ઓળખ બની ચૂક્યા છે. ગામમાં વિવિધ સામાજિક, ધાર્મિક , સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે દાતાઓનો સતત સહયોગ મળતો રહ્યો છે. સમયાંતરે ગામના હિત માટે દાતાઓ દ્વારા ઉદારતાથી દાન આપવામાં આવે છે, જેના કારણે અનેક સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. શૈક્ષણિક સંસ્થાઓથી લઈને ધાર્મિક સ્થળો સુધી, દરેક ક્ષેત્રમાં દાતાઓની સહાય ગામના વિકાસને નવી દિશા આપે છે, દેવમંદિરોનું નિર્માણ પણ દાતાઓની શ્રદ્ધા અને ભક્તિનું પ્રતીક છે. આ મંદિરોમાં ભક્તો શાંતિ અને આધ્યાત્મિક સંતોષનો અનુભવ કરે છે. વિવિધ સમાજવાડીનું નિર્માણ પણ ગામ માટે એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અહીં સામાજિક કાર્યક્રમો, સભાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે, જે ગામના લોકો વચ્ચે એકતા અને સહકારની ભાવના મજબૂત બનાવે છે. આ બધું દાતાઓની ઉદારતા વિના શક્ય બનતું ન હોત. શૈક્ષણિક ક્ષેત્રમાં પણ દાતાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રસંગોએ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને આગળ વધવા માટે પ્રેરણા આપે છે. આ સહાયથી અનેક વિદ્યાર્થીઓને શિક્ષણમાં નવી ઊંચાઈઓ હાંસલ કરવાની તક મળે છે.

ધાર્મિક સ્થળોના બાંધકામ અને તેમની જાળવણી માટે પણ દાતાઓ દ્વારા ઉદાર હાથે દાન આપવામાં આવે છે. મંદિરોમાં જરૂરી સુવિધાઓ ઉભી કરવા અને ધાર્મિક કાર્યક્રમોને સફળ બનાવવા માટે આ દાન ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે. આથી ગામમાં આધ્યાત્મિક વાતાવરણ વધુ મજબૂત બને છે. ગામના દાતાઓ માત્ર આર્થિક સહાય જ નથી આપતા, પરંતુ તેઓ સમાજસેવાના ભાવથી પ્રેરાઈને લોકફાળામાં પણ સહભાગી બને છે. તેમની આ ભાવના ગામના દરેક વ્યક્તિને એકતા અને સહકાર તરફ દોરી જાય છે. દાતાઓની આ ઉદારતા ગામના સુખાકારી માટે એક આશીર્વાદ સમાન છે. આ રીતે, દાવોલ ગામના દાતાઓએ પોતાના નિસ્વાર્થ સેવાભાવ અને ઉદારતાથી ગામમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેઓએ સાબિત કર્યું છે કે સમાજના વિકાસ માટે સહયોગ અને દાનની ભાવના કેટલી મહત્વપૂર્ણ છે. તેમની આ પ્રેરણાદાયી કામગીરી અન્ય ગામો માટે પણ એક આદર્શ રૂપ બની છે. આ ઉદારતા અને સેવાભાવની પરંપરા સતત આગળ વધતી રહે, એ જ સાચી પ્રગતિની નિશાની છે.



## દાવોલ ટાઉન ટોક

### -: દાવોલ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 2457 |
| કુલ વસ્તી | 11368 |
| કુલ પુરૂષો | 5843 |
| કુલ સ્ત્રીઓ | 5525 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 81.85 |
| પુરૂષ સાક્ષરતા દર | 91.73 |
| સ્ત્રી સાક્ષરતા દર | 71.46 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 812 |
| ખેત મજૂર | 2061 |
| સીમાંત વર્ગ | 1919 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 191 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 730 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 3453 |
| ગાય | 1512 |
| ભેંસ | 1830 |
| અન્ય | 111 |

### -: જમીન ક્ષેત્રફળ :-

941 હેક્ટર 25 આરે 52 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 02 હેક્ટર 55 આરે 96 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 11 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 578 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 1138 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 2202 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 20 |
| ખેતી વિષયક જોડાણ | 110 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 250 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 2066 |
| BPL કાર્ડ ધારકો | 992 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 288 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 28 |
| વિધવા સહાય | 31 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 08 |